સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

ધર્મરાજ પર સૌને ભરોસો, માને કેમ નહીં?
દુશ્મનો ય 'હત': સૂણી સ્વીકારે, માને કેમ નહીં?
માને કેમ? જો જીભ મારી જ હોય સાવ શિથિલ -
રગોમાં વહે છે જૂઠ, નહીં તો, માને કેમ નહીં?!
('સ્ટ્રાઈક'નું રાજકારણ)

ક્લીનચીટની,
કરી લે ગોઠવણ -
સૌ 'કલા' કારો...
(શાહરૂખ નેય)

વીજ રોશની,
ગાજ ના વાગે ઢોલ -
'મા'લે ગરબા...
(ખેલૈયા હેતે ભીંજાય)

હાઈકુ

ચિંતન

યથાર્હ દંડકારી સ્યાત્ ।

રાજાએ યથાયોગ્ય સજા ફટકારવી જોઈએ.

ચાણક્ય સૂત્રમાંથી ઉપરોગક્ત શ્લોક લેવામાં આવેલ છે.

જેવો અપરાધ એવી સજા આપનાર રાજા યોગ્ય રાજા કહેવાય છે. જેવો અપરાધ જે મુજબ સજા આપનારો રાજા જ સફળ શાસક નીવડે છે. નાના ગુનાહની મોટી આકરી સજા પણ જનતામાં ઉદ્વેગ અને વિદ્રોહનો ફેલાવો કરે છે. આથી દંડ ફટકારતી વખતે અપરાધની ગુરુતા-લઘુતાનો ખ્યાલ રાખવો જોઈએ. લઘુ અપરાધની કઠોર, સજા, નિરપરાધીને હળવે કે કઠોર સજા, ભયંકર અપરાધીને હળવી સજા કે ક્ષમા ના મળે તેની પૂરેપૂરી તકેદારી રાખવી જોઈએ.

આજકાલ રાજાઓ 'ક્લીનચીટ' મેળવવા - અપાવવામાં જ પ્રવૃત્ત રહેતા હોય છે. કાયદામાંથી કેમ છટકબારીઓ શોધવી અને જિલ્લાકોર્ટથી સુપ્રીમ સુધી લડીને 'સમય' પસાર કરી સજા ટાળનાર ખૂદ રાજાઓ પ્રજાને શું 'ન્યાય' કે સજા આપી શકે ?

ન્યાયી રાજા પોતાના લોહીના સંબંધ પ્રત્યે પણ તટસ્થ અને ન્યાયી રહેતા હતા.

સુવિચાર

- તૃષ્ણાનો પ્યાલો પીને માણસ અવિચારી અને પાગલ જ બન છે - **રજનીશ**
- અજ્ઞાની માટે મૌન રહેવું એ સારામાં સારું છે એટલું એ જાણી લે પછી એ અજ્ઞાની નહીં રહે - **શેખ સાદી**
- જેમ અન્ન પાકવાનું પ્રત્યક્ષ કારણ અગ્નિ છે તેવી જ રીતે જ્ઞાન જ મુક્તિનું પ્રત્યક્ષ કારણ છે, જ્ઞાન વિના મુક્તિ શક્ય નથી - **મનુસ્મૃતિ**
- અંતર જેટલું ઉજવળ હશે તેટલું જ મંગલ હશે, આંતરિક અંતરાત્માના દર્શન થશે તો જ બહારના વિશ્વમાં ઈશ્વર દર્શન શક્ય બનશે - **જનકલ્યાણ**
- સ્વકર્મમાં સતત રત છતાં પોતાના કર્મનું ગાન કરતો નથી એ જ માણસ દંભ વિનાનો કહેવાય - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- શુદ્ધ હૃદયથી વધીને આપણા માટે સારો ઉપદેશક બીજો કોઈ નથી - **ડોંગરેજી મહારાજ**
- આજનું ઔષધ : તુલસીના પાન વાટીને ઘા પર બાંધવાથી તરત રૂઝ આવે છે

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

લગ્ન અને જીવન આમ જુઓ તો લાકડાના લાડુ જેવું છે ખાય તે તો પશ્ચાતાપ કરે જ છે અને જેને ખાવા ન મળે તે અધિક પસ્તાતય છે. મન-બુદ્ધિથી વિવેક સાચવીને જ નિર્ણય કરવો.

ડૉકટરના એક મિત્રનો છોકરો એક અપાત્ર છોકરી સાથે લગ્ન કરવાની હઠ લઈ બેઠો. પ્રેમ માત્ર નવરાત્રીના પાંચ-છ દિવસનો જ હતો. ડૉકટર માનસિક દર્દીના હતા અને ગાંડપણની હોસ્પિટલમાં ફરજ બજાવતા હતા. ડૉકટરે, મિત્રને કહ્યું, આજે તેને મારી પાસે, ગાંડાની હોસ્પિટલમાં મોકલી દેજે.

ડૉકટરે એક ગાંડો બતાવ્યો, 'લાલી- લાલી' કરતો દોડાદોડી કરતો હતો. છોકરાએ પૂછ્યું આને શું થયું છે. ડૉકટર કહે - એ લાલીનો પ્રેમી હતો. પણ લાલીએ બીજા સાથે લગ્ન કરી લીધાં. આ અહીં આવી ગયો; પાંચ વર્ષ થયાં. ત્યાં બીજો ગાંડો લાલી-લાલી કહી માથાં પછાડતો હતો. છોકરાએ ડૉકટર સામે જોયું.

ડૉકટર કહે પાંચ વર્ષ પહેલાં આણે જ એ લાલી સાથે જ લગ્ન કર્યાં હતા. પણ લાલીનો સ્વભાવ, ઉગ્ર જીભ, જીદમાં રોજનો કકળાટ થતાં - આ અહીં આવી ગયો - લાલી હવે ત્રીજાની સાથે રહે છે.

હજયાત્રા લઘુમતિ વિભાગમાં સોંપવાનો નિર્ણય સમયોચિત

નરેન્દ્ર મોદી સત્તાનાં સૂત્રો સંભાળ્યા પછી દરેક સરકારી વિભાગમાં કંઈ ને કંઈ ફેરફારો કરતાં રહ્યા છે. પોતે અગાઉના વડાપ્રધાનોની સરખામણીમાં વધુ આધુનિક છે અને પરંપરાગત પ્રથાઓ બદલીને પ્રજાને વધુ સુખાકારી તથા સરકારી તંત્રના રેડ ટેપિઝમથી વહેલી તકે મુક્ત કરવા કૃતસંકલ્પ છે, એવો સંદેશ છાશવારે બદલાતી પરંપરાભંજનની વ્યૂહરચનામાં પ્રસારિત કરતા રહે છે. રિઝર્વ બેંકથી માંડીને આયોજન પંચ સુધીમાં આવેલા ફેરફારો એ પ્રબુદ્ધ, વિચારશીલ વડાપ્રધાનના ભેજાની જ પેદાશ છે. પાકિસ્તાન સાથે સંબંધો સમધારણ કરવાના અણથક પ્રયાસોમાં નિષ્ફળતા મેળવાંની સાથે એમણે આક્રમક વલણ અપનાવ્યું છે. પાકિસ્તાનને દુનિયાભરમાં એકટા અટૂલા પાડી દેવામાં એમને ધારી સફળતા પણ સાંપડી છે. છેલ્લે એમણે હજયાત્રાની સઘળી વ્યવસ્થા કેંદ્રનું લઘુમતી ખાતું સંભાળશે, એવી જાહેરાત કરાવીને એક કાંકરે અનેક પક્ષી પાડી દીધાં છે. લઘુમતી મંત્રાલય પાસે બહુ અઘરી જવાબદારીઓ નહોતી. હજયાત્રાની જવાબદારી વિદેશખાતા હસ્તક હતી. જો કે દેશ બહારનાં કોઈ પણ તીર્થસ્થાનોની યાત્રા અત્યાર લગી વિદેશ વિભાગ જ સંભાળતો આવ્યો છે. હજયાત્રામાં દર વર્ષે દોઢ લાખ જેટલા યાત્રાળુ મક્કા-મદીના જતા હોય છે. આ જવાબદારી ધાર્મિક લઘુમતી વિભાગ હસ્તક મૂકીને વડાપ્રધાને યાત્રીઓને અનુકૂળતા કરી આપી છે. લઘુમતી વિભાગ હજ કરવા માગતા મુસ્લિમો પ્રત્યે જયારે વિદેશ વિભાગમાં તો દેશવિદેશના વ્યૂહાત્મક સંબંધો તથા વ્યૂહાત્મક કામ બહુ જ મોટું કામકાજ રહેતું હોઈ ફક્ત હજયાત્રાના દિવસો પૂરતું જ એ આ મુદ્દે સક્રિય થતું હતું. મોદીની તીણી નજર આ બાબત પારખી ગઈ એમણે હજયાત્રાને લઘુમતી વિભાગ હસ્તક મૂકવાના આદેશો કરી દીધા છે. મુસ્લિમોને તો આ નિર્ણયથી વિશેષ રાહત જ રહેવાની છે. હજયાત્રા એ પ્રમાણમાં ઘણી મોટી વસતિને આવરી લેતો પ્રશ્ન છે. એમ તો હિંદુઓ તિબેટમાં આવેલ કૈલાસ માનસરોવરથી યાત્રાએ પણ જાય છે. આ યાત્રામાં વિદેશખાતું જ

તંત્રીસ્થાનેથી...

નિર્ણયાત્મક રોલ ભજવે છે. 'સરકારી યાત્રામાં' બહુ જ નાની સંખ્યામાં કૈલાસ માનસરોવરની યાત્રામાં લોકો જોડાય છે. મોટા ભાગના નેપાળના રસ્તે હેલિકોપ્ટ અને લેન્ડ રોવરથી યાત્રા સંપન્ન કરતા હોય છે. એટલે આ અને આવી અન્ય દેશોમાં આવેલ ધર્મસ્થાનોની યાત્રા પર વિદેશખાતું નજર રાખે તે વાજબી છે. ખરેખર તો વડાપ્રધાને હજયાત્રાની જવાબદારી લઘુમતી વિભાગને સોંપીને મુસલમાનોને અનુકૂળતા જ કરી આપી છે. તેથી વિપક્ષના આગેવાનો પણ આ મુદ્દે મોદીની ટીકાટિપ્પણ કરી શકે એમ નથી. લઘુમતી વિભાગ આમ પણ હાંસિયે મુકાઈ ગયેલો વિભાગ હતો. એને હવે મોદીભક્ત નકવી જેવા સૂત્રધાર સાંપડ્યા છે, જે ખૂબ જ પ્રવૃત્તિશીલ નેતા છે. અત્યાર લગી લઘુમતી પ્રત્યે ભારતીય જનતા પાર્ટી કે આરએસએસનું જે ઓરમાયું વલણ રહ્યું છે, તેની સામે મોદી સરકારનું આ પગલું વ્યૂહાત્મક રીતે ભાજપને લાભકારક નીવડશે એમાં શંકાને સ્થાન નથી.

ગાંધીનગર સાહિત્યસભામાં ડૉ. કેશુભાઈ દેસાઈ અને ભીખુ કવિ

ગાંધીનગર સાહિત્ય સભાવૃત્ત

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા મા ગરવી ગુર્જરીના પનોતા ગુજરાતી સાહિત્યને ધબકતું અને ધડકતું રાખી, ચોદિશ મધમધતું ફોરવા યોજવામાં આવતા સાહિત્યિક કાર્યક્રમો પૈકીના કાર્યક્રમ 'સર્જકની કૅફિયત' અંતર્ગત - ગુજરાતી સાહિત્યના ખ્યાતનામ સાહિત્યકાર-નવલકથાકાર અને ગાંધીનગર સ્થિર ડૉ. કેશુભાઈ દેસાઈની - પૂજય સંત મોરારિ બાપુ સાથેની જાપાનની યાત્રા-મુલાકાતનાં સંભારણાં-સંસ્મરણો વિષેના અનોખા વકતવ્યનો કાર્યક્રમ અને ગાંધીનગર સાહિત્ય સભાના કારોબારી સભ્ય અને કવિ ભીખુ કવિની સ્વરચિત રચનાઓનો સ્વમુખે પઠનનો કાર્યક્રમ, ભરત કવિના અધ્યક્ષપદે તા.૯-૧૦-૧૬ને રવિવારના રોજ સાંજના ૫.૩૦ વાગે, નમન એપાર્ટમેન્ટ, સેકટર-૨૧ ગાંધીનગર ખાતે, સિનિયર સિટીઝન કાઉન્સિલના કાર્યાલયમાં - તેમના સદ્‌ભાવથી યોજવામાં આવેલ છે; તો આ સાહિત્યિક મહેફિલને માણવા, અચૂક પધારવા નગરના મહાનુભાવો, સાહિત્યકારો, સાહિત્યરસિકો-ભાવકો અને ગાંધીનગર સાહિત્ય સભાના -સભ્યશ્રીઓને જાહેર હાર્દિક નિમંત્રણ છે.

● ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદનું આગામી 'જ્ઞાનસત્ર' શ્રી સર્વસાધારણ માનવ સેવા ટ્રસ્ટ, મગરવાડા, (તા.વડગામ), જી. બનાસકાંઠાના યજમાનપદે તા. ૨૩ થી ૨૫, ૨૦૧૬ ડિસેમ્બરના દિવસે યોજાશે. નર્મદ સાહિત્યસભા, તથા સાહિત્ય સંગમ, સુરતના સંયુકત ઉપક્રમે નર્મદની ૧૮૪મી જન્મજયંતિ, રવીન્દ્ર પારેખના પ્રમુખ સ્થાને યોજાઈ હતી. આ પ્રસંગે પારેખે 'નર્મદના સુધારાઓ અને આજે તેનો પ્રભાવ' વિશે રસપ્રદ વકતવ્ય આપ્યું હતું. જયારે નર્મદની સુધારાલક્ષી કવિતાઓ, ગદ્યખંડો, નાટકો અને આત્મકથાના અંશોનું પઠન સર્વ કપિલદેવ શુક્લ, બકુલેશ દેસાઈ, પ્રો. પ્રફુલ્લ દેસાઈ, સુશ્રી પ્રજ્ઞા વશી બાબુભાઈ નાયી, ગુણવંત ઠક્કર, દિલીપ ઘાસવાલા અને અન્યોએ કર્યું હતું.

'ભારતીય દલિત પેન્થર' સંસ્થાના સ્થાપક પ્રમુખ ડૉ. રમેશ પરમારનું ૮૧ વર્ષની જૈફ વયે તા.૧૫-૯-૨૦૧૬ના રોજ અવસાન થતાં, સમગ્ર દલિત સમાજ તરફથી આ ઝુઝારુ નેતાને શ્રદ્ધાંજલિ અર્પિત કરવાનો કાર્યક્રમ તા.૨-૧૦-૨૦૧૬ને રવિવારના રોજ, સંત રોહિદાસ સેવા સમાજ (ગુજરાત) ગાંધીનગરના 'સ્મૃતિ મંદિર' - સેવા સંકુલ, સેકટર-૬ ખાતે યોજાઈ ગયો. જેમાં શ્રદ્ધાંજલિ કાર્યક્રમના અધ્યક્ષ અને ધારાસભ્ય આર.એમ. પટેલ, નિવૃત્ત આઈએએસ પ્રવીણ ગઢવી, ડૉ. રમેશચંદ્ર પરમારના પૌત્ર રાહુલ અજયભાઈ, મ્યુનિ. કોર્પોરેટર ધીરુભાઈ ડોડિયા, પ્રોફેસર બળદેવભાઈ આગજા, એક્ટીવીસ્ટ બી.કે. પરમાર, સાહિત્યકાર, કોલમીસ્ટ મૂળજીભાઈ પરમાર, નિવૃત્ત ના.સ. મગનલાલ સોલંકી, શંકરલાલ એમ. સોલંકી ઉપસ્થિત રહ્યા હતા.

● ગુજરાત વિશ્વકોસ ટ્રસ્ટ, અમદાવાદ અને સંસ્કૃત સેવા સમિતિના સંયુક્ત ઉપક્રમે ગુજરાત રાજયના મહામહિમ રાજયપાલ ઓ.પી. કોહલીજીના અધ્યક્ષપદે અને સોમનાથ સંસ્કૃત યુનિ.ના કુલપતિ અર્કનાથ ચૌધરીના અતિથિ વિશેષપદે સંસ્કૃત સપ્તાહ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં વૈદિક સાહિત્યના પ્રસિદ્ધ વિદ્વાન અને મુંબઈના પૂર્વ પોલીસ કમિશ્નર અને સંસદસભ્ય ડૉ. સત્યપાલસિંહે 'આધુનિક પરિપ્રેક્ષ્યમાં વેદોની પ્રાસંગિતા' વિશે મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. દિલ્હીના સંસ્કૃત ભાષાના વિદ્વાન અને પરામર્શક પ્રો. ઓમપ્રકાશ પાંડેએ 'સૃષ્ટિ વિજ્ઞાન વૈદિક અને આધુનિક' એ વિશે પાવર પોઈન્ટ સાથે પ્રેઝન્ટેશન આપ્યું હતું. ડૉ. કુમારપાળ દેસાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. અધ્યક્ષીય પ્રવચનમાં માન. મહામહિમ્ રાજયપાલ કોહલીજીએ સંસ્કૃત સાહિત્ય વિશે અભ્યાસપૂર્ણ વાત કરી હતી. શ્રી ગૌતમ પટેલે મહેમાનોનું સ્વાગત કર્યું હતું.

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

● વાલ્મિકી, વ્યાસ, તુલસી, એવોર્ડ સમિતિના ઉપક્રમે તા. ૧૦-૮-૨૦૧૬ના રોજ ચિત્રકૂટધામ (તલગાજરડા), ભાવનગર ખાતે 'વાલ્મિકી, વ્યાસ, તુલસી એવોર્ડ-૨૦૧૬નો અર્પણ વિધિ કાર્યક્રમ યોજાઈ ગયો.' જેમાં ડૉ. ગિરીરાજ શાસ્ત્રી, (વૃંદાવન)ને વાલ્મિકી એવોર્ડ, શ્યામસુંદર પરાશર (વૃંદાવન)ને વ્યાસ એવોર્ડ, સુશ્રી મંદાકિની શ્રીરામ કિંકર (અયોધ્યા)ને તુલસી એવોર્ડ, ડૉ. અખિલેસ શ્રીવાસ્તવ ગુમાસ્તા (જબલપુર) અને શ્રી ભાગવત્ પ્રસાદ પાઠક (સિંધી, મધ્યપ્રદેશ) ને તુલસી એવોર્ડ અર્પણ કરવામાં આવ્યા હતા; જેમાં વંદનાપત્ર, સૂત્રમાલા, શાલ અને સન્માન પ્રતિરૂપે રૂા. ૧,૨૫,૦૦૦/- અને એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.

● ભવન્સ કલ્ચરલ સેન્ટર-મુંબઈના ઉપક્રમે કવયિત્રી સોનલ પરીખના બે પુસ્તકો : ને સમય જાગ્યા કરે' (નવલકથા) અને 'પ્રેમ જેવું કંઈક' (લેખ સંગ્રહ)નો વિમોચન સમારોહ તા.૨-૯-૨૦૧૬ના રોજ, અનુક્રમે લેખિકા વર્ષા અડાલજા અને લેખક ઉદયન ઠક્કરના હસ્તે થયો હતો. અતિથિ વિશે કુંદન વ્યાસ (તંત્રી જન્મભૂમિ)ની ઉપસ્થિતિમાં આ પ્રસંગે આયોજિત કવિ સંમેલનમાં હિતેન આનંદપરા, સંદીપ ભાટિયા, સંજય પંડ્યા, માલા કાપડિયા, આશા પુરોહિત, જયોતિ હિરાણી વિગેરે કવિઓએ કાવ્યપઠન કર્યું હતું.

- muljibhaidadhi@gmail.com

આપણામાંથી નેતાઓ ચાલ્યા જાય તો રોવાનું તો હોય જ નહીં!

ગાંધી કોઈની વ્યક્તિ ભક્તિ કે વ્યક્તિ પ્રશંસા કરવાને બદલે તેણે કરેલા કર્મને અનુસરવા તરફ વધારે વ્યક્ત થતા હતા. મોતીલાલ નહેરુના અવસાન બાદ એક સામયિકના તંત્રીએ તેમને શ્રદ્ધાંજલિ લેખ લખવા કહ્યું હતું. તેના સંદર્ભે ગાંધીએ રાષ્ટ્રજોગ નિવેદન કરતાં લખ્યું કે 'મોતીલાલજીના અનેક ગુણો વિશે વાતો કરવા, ગીતો ગાવા કે લેખો લખવાને બદલે આપણે એમના ઉદાત્ત ત્યાગનું અનુકરણ કરીએ અને સ્વરાજના આગમનને વેગ આપીએ તો તેમના આત્માને આનંદ અને આપણને ફાયદો થાય.'

અલબત્ત ગાંધીજીએ મોતીલાલ નહેરુના અંતિમ સંસ્કાર વખતે ભાષણ કરીને શ્રદ્ધા સુમન વ્યક્ત કર્યા હતા. પરંતુ આપણી વચ્ચેથી જનારને સતત શબ્દોથી - લખાણોથી અંજલિઓ આપીને ગનીનત નહીં સમજતા તેણે કરેલા કાર્યોને વિસ્તારીને સાચી અંજલિ આપતા તેમની હિમાયત હતી.

અલ્હાબાદમાં મો. નહેરુના અંતિમ સંસ્કાર સમયે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા તેમણે કહ્યું હતું, : 'આજે ભારતના એક મહાન નેતા ચાલ્યા ગયા છે તો પણ તમારા ચહેરા ઉપર શોક નહીં પણ હર્ષ દેખું છું. એમ જ હોવું જોઈએ. આપણામાંથી નેતાઓ ચાલ્યા જાય તો રોવાનું તો હોય જ નહીં. કારણ જે, જે થઈ રહ્યું છે તેનો અર્થ એ નથી કે આપણે કોઈ નિષ્પ્રાણ માટીના પૂતળાને અગ્નિદાહ દઈ રહ્યા છીએ. પણ આજે રાષ્ટ્રના એક મહાબલિદાન દેવાઈ રહ્યું છે. તેના તમે સાક્ષી છો.'

પોતાના માટે આવો પ્રસંગ પહેલવહેલો નથી એવો ઉલ્લેખ કરતાં ગાંધીજી કહે છે, લોકમાન્ય ટિલક, દેશબંધુજી, લાલા લજપતરાય,

સત્ય અને અહીંસાની પ્રતિજ્ઞા ગાંધીજી અંતિમ સંસ્કારના પ્રસંગે પણ લેવડાવતા

હકીમજી, મહંમદ અલી વગેરેએ દેશ માટે બલિદાન આપ્યું. આ નેતાઓની વિદાય સમયે ભારતીયોએ આવી જ રીતે લાગણી બતાવી હતી. આ રીતે શ્રદ્ધાંજલિ આપીને તેમના જીવન કાર્યને મહત્ત્વ જરૂર આપવું જોઈએ પરંતુ આજે કોઈ ચોક્કસ પ્રતિજ્ઞા લેવી જોઈએ. જો એમ નહીં કરવામાં આવે તો દુનિયા આપણને મૂર્ખ કહેશે અને કહેશે કે એક મેળામાં લોકો જાઓ એમ માગું છું. દેશને માટે જે કંઈ થઈ શકે તે કરવાની સ્પષ્ટ્ર પ્રતિજ્ઞા લઈને જાઓ. જો આટલું કરો તો ધન્યવાદને યોગ્ય થશો તેમ ગાંધીજી ઉપસ્થિત મેદનીને શીખ આપે છે.

ગાંધી ૧૦૦
ડૉ. રાજેન્દ્ર જાની

સ્વરાજ માટે 'કાલ' એ અંતિમ ક્રિયાના પ્રસંગે પણ ગાંધી ભૂલતા નથી. એવસાન પામેલા મોતીલાલ નહેરુ સાથે જોડાયેલી એક વાતને તેઓ મધુર વાત ગણાવીને ઉપસ્થિતોને સંભળાવે છે. ગાંધીજી કહે છે પંડિતજી એક મોટા સિંહ હતા. એમણે જીવનમાં મોટા યુદ્ધો કર્યા હતા. તેમ યમરાજની સાથે મલ્લયુદ્ધ કર્યું. તેમાં હાર્યા તેમ (તમે) કહેશો, પણ હું નથી માનતો કે એ હાર્યા. ગાંધી કહે છે - મેં એક વાર પંડિતજીને કહ્યું : 'તમે સારા તાઓ તો સ્વરાજ મળેલું માનું'. એમણે હસીને કહ્યું : 'સ્વરાજ તો મળી ગયું છે.' - પંડિતજીની જીભ તોતડાતી હતી. પણ એમનામાં એટલું બોલવા જેટલી શાંતિ હતી.

ગાંધીજી મોતીલાલજીના જવાબને સમજાવતા કહે છે એમમે સ્વરાજ મળી ગયુ છે એમ કેમ માન્યું? કારણ, ૬૦ હજાર જેલમાં ગયા, આટલી લાઠીઓ ચાલી, આટલાં બલિદાન; પછી સ્વરાજ ન મળ્યું એમ કેમ કહેવાય? એમ તેઓ સમજાવે છે.

અંતમાં ગાંધીજીએ એ દિવસના પ્રસંગને અનુરૂપ પ્રતિજ્ઞા લેવા અનુરોધ કરતા કહ્યું, સંપૂર્ણ સ્વરાજ, અહિંસા અને સત્યના બે સાધનોને મળવું. આ બે સાધનનો ખ્યાલ રાખીને જે પ્રતિજ્ઞા લેવી હોય તે લઈને જાઓ.

સિપાઈઓનો દાખલો આપતા તેમણે કહ્યું કે લોખંડના હથિયારોથી કામ લેનારા માણસો પણ તાલીમબદ્ધ થઈને જે શાંતિ રાખે છે - અલબત્ત બાહ્ય - તેવી સાંતિ બાહ્ય અને અંતર રાખીને તળે અહીંથી જાઓ. આ અગ્નિના સાક્ષી બનીને જે શુદ્ધ પ્રતિજ્ઞા તમે લઈ શકો તે લો. ઈશ્વર તમને એ પ્રતિજ્ઞા લેવાને પ્રેરણા આપે.

સંદર્ભ : ગાંધીજીનો અક્ષરદેહ ભાગ-૪૫, નવજીવન પ્રકાશન, પૃષ્ઠ-૧૬૧ થી ૧૭૦

(લેખક : સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

ન ભૂતો ન ભવિષ્યતિ : અમિતાભ એટલે અમિતાભ એટલે અમિતાભ

તુ ન રુકેગા કભી
તુ ન થમેગા કભી
કર શપથ
યે વિશાલ દંધ્ય હૈ
ચલ રહા મનુષ્ય હૈ
અશ્રુ-સ્નેહ-રકત સે
લથપથ
અગ્નિપથ અગ્નિપથ અગ્નિપથ....!

જો તમે ફિલ્મો જોવાના શોખીન હો તો તમે ચોકકસપણે અમિતાભના પ્રેમમાં હોવાના!

ભારતભરમાંથી એવો શખ્સ જડવો મુશ્કેલ છે જે સિનેમા રસિક હોય અને અમિતાભ બચ્ચનનો ફેન ન હોય! આજે લગભગ ચાર પેઢી અમિતાભની ઘેલી છે. સાચુ પૂછો તો આ પૃથ્વી પર અને ભારતમાં અમિતાભનું હોવું એ ભારતવાસીઓ માટે ઈશ્વરના મોટા આશીર્વાદ છે. આ જિનીયસ પ્રતિભાને આપણે સાવવવી પડે. તેને સાચવવી એ આપણી ફરજ બની રહે છે.

અમિતાભને પ્રભુના આશીર્વાદ ચોકકસ પણે છે જ. તે નિર્વિવાદ છે, પરંતુ એક મનુષ્ય તરીકે તેણે જીવનની તડકી-છાંયડી પણ વેઠી છે. ટોચ પર ગયા પછી ને ટોચનો આનંદ લીધા પછી, છેક તળિયે આવીને હતાશ થયો છે. પણ હતાશ થઈ બેસી પડયો નથી. આ એક માત્ર અમિતાભ છે જેના સાજા થવા માટે સમગ્ર ભારતે જાહેર પ્રાર્થના સભાઓ કરી હતી. આજે મિલેનીયમ સ્ટાર, મેન ઓફ મિલેનીયમ, શહેનશાહ, બીગ બી, જેવા અનેક નામ-ઉપનામ ચાહકો તરફથી તેમને પ્રાપ્ત થયાં છે.

અમિતાભ જેટલો વિવેકી અને આદરપાત્ર ફિલ્મી હીરો જડવો મુશ્કેલ છે. કેબીસી-કૌન બનેગા કરોડપતિ ટીવી પ્રોગ્રામમાં અમિતાભનો રિયલ સ્વભાવ

આપણને જોવા મળેલો. અમિતાભની સ્પર્ધકને આદર આપવાની અનોખી સ્ટાઈલ ટીવી જોનારા તમામ પ્રેક્ષકોને પસંદ પડી ગઈ. કયાંય આછકલાપણુ નહિ, કયાંય હું મોટો ને તું નાનો એવો ભાવ કયારેય દેખાય નહિ. દરેકવખતે - એ સ્પર્ધક સ્ત્રી હોય કે પુરુષ પૂરા આદર સાથે વાતચીત કરે તેને સાંભળે, વાતચીત દરમિયાન કયાંય હું મોટો સ્ટાર છું તેવું સાબિત ન કરે ન થવા દે.

અમિતાભની નમ્રતા, તેને તે છે તેના કરતાં વધુ મોટો બનાવે છે. આ જ તેની ખૂબી છે. આ જ તેના સંસ્કાર છે. ટીવીના એક ઈન્ટરવ્યુમાં બચ્ચને પોતાની ગ્રેટ એચિવમેન્ટ 'માતા પિતાનો આજ્ઞાંકિત પુત્ર' બની રહયો તે વાત કહી હતી. તાજેતરમાં પોતાની પૌત્રી અને દોહિત્રી માટે લખેલો પત્ર મિડીયામાં પ્રસારિત થયો હતો. દરેક બાપે એ પત્ર પોતાની દીકરીને વંચાવ્યો હશે જ. અમિતાભની ફિલીંગ્સ એ ભારતભરના દરેક બાપની ફિલીંગ્સ થઈ ગઈ. મારા એક મિત્રએ તો અમિતાભનો એ પત્ર ટાઈપ કરી, મઢાવીને ઘરની દિવાલે, ડ્રોઈંગ રૂમમા ટાંગી દીધો છે.

અમિતાભના સ્વભાવની ઊંચાઈ તો જુઓ! આજદિન સુધી સિને જગતમાં કોઈના પણ વિશે, કોઈ બાબત માટે ઘસાતું બોલ્યાનું જાણમાં નથી. હંમેશા માનવમૂલ્યોની જ વાતો કરી છે તેને જ પ્રોત્સાહન આપ્યું છે. પોતાના વિશે ઘસાતુ બોલનારનેય અમિતાભે સન્માન આપ્યું છે એ તેના પ્લસ પોઈન્ટસમાં વધારો કરે છે.

તેની સાથે કામ કરતાં સહકાર્યકરો કહે છે કે અમને અમિતાભ પાસેથી ઘણું શીખવાનું મળે છે. સમયસર આવવું, બીજાને માન આપવું, હસી-મજાક કરવી, પોતાના કાર્ય પ્રત્યે પ્રતિબધ્ધ હોઉ અને ખાસ અન્ડરલાઈન વાળું વાકય તેઓ ભાર દઈને બોલે છે

કે - અમિતજી સાથે પહેલી વખત કામ કરતાં હું નર્વસ હતી પરંતુ અમિતજીએ એ નર્વસનેસ દૂર કરીને ખૂબ સારો સહકાર આપ્યો. લગભગ બધાજ ન્યુકમર્સ માટેનો આ અનુભવ છે.

આંખો મેં ચમક, ચહેરે પે નમક, હૈ દિવ્ય જોત , હૈ સિંહનાદ (સૂર્યવંશમ્)

'અમિતાભ' શબ્દનો અર્થ જ છે - એક એવો શાશ્વત પ્રકાશ, જે કદી ઝાંખો પડતો નથી! અમિતાભ હવે બોકસ ઓફિસથી પર હસ્તી બની ગઈ છે. આજે શોલે, જંજીર ને યાદ કરનારી પેઢી પણ છે અને બ્લેક, પીકૂ અને પીંક ની પ્રશંસા કરનારી યુવાપેઢી પણ મોજૂદ છે.

અદબ-પલાંઠી
મોં પર આંગળી
ડૉ. સંતોષ દેવકર

બચ્ચન આજે પોતે એક 'બ્રાન્ડ નેમ' છે. જે તેલ, સાબુ, પેસ્ટ થી માંડીને સોનાના ઘરેણા સુધીનું આબેહુબ વેચાણ વધારી આપે છે.

'કુછ દિન તો ગુજારો ગુજરાત મેં' ગુજરાતના પ્રવાસન વિભાગમાં આવેલ તેજી માટે ગુજરાતની પ્રજા કયારેય અમિતાભને ભૂલી શકે તેમ નથી.

અમિતાભની વાત જો કરીએ તો નવા કલાકારો માટે અમિતાભ 'અભિનયની યુનિવર્સિટી' સમાન છે. કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં પીએચ.ડી. થયેલા પિતા અને અધ્યાપિકા માતાનો આ દીકરો ભારતીય અને વિશ્વ સાહિત્યથી સુપેરે પરિચિત છે. અમિતાભના મુખે સાંભળવા મળતી કવિતાઓ 'મધુશાલા' (કવિ : હરિવંશરાય બચ્ચન) હોય કે 'કભી કભી' ની રચનાઓ શ્રોતાઓ ડોલવા લાગે છે. એક ઘૂંટાયેલા ગૂંજતા અવાજ અને વજનદાર ઉચ્ચારણોમાં ઐતિહાસિક દસ્તાવેજ રૂપ સામગ્રી રસિક જનોને મળે છે.

ફિલ્મ લાઈનમાં નવી એન્ટ્રી લેતાં કલાકારો અમિતાભની ચુસ્તી, ડાયલોગ ડિલિવરી, ટાઈમિંગ, આંતરિક ક્ષમતા અને પ્રભાવી અભિવ્યકિત પર વારી જતાં હોય છે. સાહિત્યમાં દસ વર્ષ ટકી જાય એવી કૃતિ સફળ મનાય છે. સો વર્ષ ટકી જાય એ કલાસિક કહેવાય છે. સદીઓ સુધી ટકે એ માસ્ટરપીસ છે અને યુગો સુધી અમર બને એ લીજેન્ડ (દંતકથા) છે. પ્રતિષ્ઠા આસમાનને આંબતી હોવા છતાં લીજેન્ડ બનેલા અમિતાભના પગ પહેલેથી સંસ્કાર અને ભદ્રતાની ધરતી પર ખોડાયેલા રહયાં.

કટોકટીના સમયમાં પણ સંયમ જાળવ્યો. આજે બચ્ચન નામના સુપરસ્ટારના ઠાઠને કોઈ પડકારી શકે તેમ નથી.

કુછ ઈસ તરહ સે હમને તય કી મંઝિલે
ગિર પડે, ગિર કર ઉઠે, ઉઠ કર ચલે

એકવાર શિખરે ચડવું સહેલું છે, પણ એ શિખરમાંથી તળેટી સુધી ગબડી, કોઈ નિરાશ કે નકારાત્મકતા વિના પુનઃ શિખરે પહોંચવું....! ધ ગ્રેટ. અસંભવને સંભવ કરે એનું જ નામ અમિતાભ. પછી ફિલ્મ હોય કે જિંદગી. આજની યુવા પેઢીનો કોઈ આદર્શ હોય તો તે અમિતાભ સિવાય અન્ય કોણ હોઈ શકે ?

(આ લેખ લખાય છે ત્યારે આજે સવપિતૃ શ્રાધ્ધ છે. થેન્કસ ટૂ (પાપા) માય ફાધર, જેમણે નાનપણથી જ મને અમિતાભની ફિલ્મોનો ચસ્કો લગાડેલો.) ફિલ્મો માટે પ્રેરણારૂપ મિત્ર જય વસાવડા કૃત 'સાહિત્ય અને સિનેમા' માંથી લીધેલી મિસરીને માણીએ.

મિસરી

'હિન્દી ફિલ્મોમાં સવાધિક ડબલ રોલ અમિતાભે કર્યા છે.' 'ડોન', 'મહાન', 'અદાલત', 'સત્તે પે સત્તા', 'આખરી રાસ્તા', 'સૂર્યવંશમ', 'લાલ બાદશાહ', 'તૂફાન દેશપ્રેમી', 'કસ્મેવાદે' અને 'બડે મિયાં છોટેમિયાં''